## જાહેર નિવિદા

### ઉંઝા નગરપાલિકા તા.ઉંઝા જી.મહેસાણા

પ્રાદેશીક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓ ગાંધીનગર ઝોનના હુકમ ક્રમાંક RCMGN/0033/11/2023 તા.૦૭/૧૧/૨૦૨૩ થી થયેલ હુકમ અને શરતોની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાની પસંદગી સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ ધોરણ તથા શરતો અને ઉંઝા નગરપાલિકાના મંજુર થયેલ લઘુતમ મહેકમ માટે કર્મચારીઓની ભરતી–બઢતી અંગેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૨૭૧ હેઠળ પ્રાદેશીક કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર ધ્વારા તા.૦૨/૦૬/૨૦૨૩ ના હુકમથી મંજુર થયેલ ભરતી બઢતીના નિયમો–૨૦૨૩ ને આધિન સ્પર્ધાત્મક પરીક્ષા આધારે નીચે પત્રકમાં દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત | જગ્યાનું પગાર ધોરણ(સાતમા પગાર ધોરણ અનુસાર | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | અનુસુચિતજાતિ | | અનુસુચિત જનજાતિ | | સા.શૈ.પ.વ | | બિન અનામત | | આર્થિકરીતે નબળા વર્ગ | | કુલ |
| | | | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૨ | સ્વીપર /ડ્રેનેજ સફાઈકામદાર | ૭૩ | ૪ | લખી વાંચી શકે તેવા | ૧૪૮૦૦–૪૭૧૦૦ IS-1 | ૦૪ | ૦૨ | ૧૦ | ૦૪ | ૧૭ | ૦૮ | ૧૪ | ૦૭ | ૦૫ | ૦૨ | ૭૩ |

શરતો :–

(૧) ઉપરોકત જગ્યાઓ માટેની અરજી વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફીસરશ્રી,ઉંઝા નગરપાલિકા જિ.મહેસાણા ખાતે ફકત રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મોકલી આપવાની રહેશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.અરજી સાથે પ્રમાણપત્ર સામેલ ન હોય તેવી કોઈ અરજી ધ્યાને લેવામાં આવશે નહી

(૩) ઉપરોકત સંવર્ગ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂા.૩૦૦/– ચીફ ઓફીસર,ઉંઝા નગરપાલિકા,ઉંઝા ના નામના ડિમાન્ડ ડ્રાફટથી મોકલવાની રહેશે. અનુસુચિત જાતિ,અનુસુચિતજનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહી.

(૪) અરજી કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૫) ઉપરોકત સંવર્ગ માટે અરજી અંગેનો નિયત નમૂનો નગરપાલિકાની વેબસાઈટ www.unjhanagarpalika.org તથા www.enagar.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી નિયત નમુનામાં જ મોકલવાનો રહેશે.તેમજ નિયત નમૂનાની અરજી નગરપાલિકામાં થી રૂા.૫/– ભરેથી મળી રહેશે.

(૬) વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર થશે તા.૦૧/૦૩/૨૦૨૪ની સ્થિતિએ વયમર્યાદા ગણવાની રહેશે.તા.૧/૩/૨૦૨૪ ની સ્થિતિએ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.

(૭) નિયામકશ્રી નગરપાલિકા ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૩/૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં–૫૭૪૬/૧૯૯૯ ના હાઈકોર્ટના ચુકાદાને આધિન ઉંઝા નગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને મળવાપાત્ર લાભો આપવામાં આવશે.

(૮) અધુરીકે સમય મર્યાદાબાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૯) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે ઉંઝા નગરપાલિકાને સંપુર્ણ અબાધિત/અધિકાર રહેશે. ઉંઝા નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિં

(૧૦) સરકારશ્રીના નગરપાલિકા નિયામકશ્રીના પત્ર નં નપાનિ/મહેકમ–૧/વર્ગ–૩,૪ ભરતી રૂબરૂ મુલાકાત/વશી.૧૭૮૪/૨૦૧૬ તા.૨૭/૨/૨૦૧૭ ના પરિપત્ર થી સ્વીપરની જગ્યામાં સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય રૂબરૂ મુલાકાતથી ભરવાની રહેશે.

જાવક નંબર :–૧૬૧૧/[illegible]તારીખ :–૧૪/૦૩/૨૦૨૪

રવિકાન્ત બી. પટેલ
ચીફ ઓફીસર

જીજ્ઞાબેન ડી.પટેલ
પ્રમુખ